૬૨
૧૧/૨૦૦૬

ક્રમાંક:મઉમશબ/ગ/ન.શા/જુ.૦૬/૨૮૭૮/૨૯૪૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૬–૪–૦૬

પ્રતિ,
શ્રી પુજારી સ્વામિશ્રી શાંતિપ્રસાદ દાસજી
પ્રમુખ,
શ્રી યોગાનંદ સ્વામી સેવા સમાજ ટ્રસ્ટ,
બોટાદરોડ, મુ.પો. તા. ગઢડા (સ્વા)
જિ. ભાવનગર.

વિષય :– જુન–૨૦૦૬ થી કાયમી ધોરણે ગ્રાન્ટ વગરની નવી માધ્યમિક શાળાની નોંધણી કરાવી લેવા બાબત.

સંદર્ભ :–૧. સરકારશ્રીના શિ.વિ.નો તા.૧૭/૭/૯૩ના પરિપત્ર ક્રમાંક: ૧૦૯૩/૧૩૨૨૨/છ
૨. સરકારશ્રીના શિ.વિ.નો તા.૨૧/૭/૯૩નો પત્ર ક્રમાંક: બમશ/૧૨૯૩/૧૩૨૨/છ
૩. સરકારશ્રીના શિ.વિ.નો તા.૩૧/૭/૯૩નો પત્રાંક ક્રમાંક: બમશ/૧૦૯૩/૧૩૪૪/છ
૪. બોર્ડની તા.**૨૬-૪-૦૬**ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક :૭૪૭/૨૦૦૬ અન્વયે

**શાળાનું નામ** :– શ્રી સ્વામીનારાયણ હાઈસ્કુલ, બોટાદરોડ, તા.પો.તા. ગઢડા(સ્વા) જિ. ભાવનગર.

જયભારત સહ જુન–૦૬ થી કાયમી ધોરણે ગ્રાન્ટ વગરની નવી માધ્યમિક શાળાની નોંધણી કરવા આપના શાળા મંડળની દરખાસ્ત અન્વયે તા.**૨૬-૪-૦૬** ની કારોબારી સમિતિ સમક્ષ આપના શાળા મંડળના અધિકૃત ટ્રસ્ટીઓની રૂબરૂ રજૂઆતને ધ્યાને લઈને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ના વિનિયમ ક્રમાક–૯ની જોગવાઈઓનું પાલન કરવાની શરતે કારોબારી સમિતિના ઉકત સંદર્ભ–૪ના ઠરાવથી આપના મંડળની સૂચિત માધ્યમિક શાળાની નોંધણી કરવા નિર્ણય કરેલ છે.

આપના શાળા મંડળની સૂચિત માધ્યમિક શાળાની નોંધણી કરવા માટે નીચે દર્શાવેલ જરૂરી આધારો તા.૨૫–૫–૦૬ સુધીમા તમારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે આ કચેરીને રૂબરૂ પહોંચાડવાના રહેશે. નિયત સમય મર્યાદામાં આપના મંડળ દ્વારા પૂર્તતા કરવામાં નહી આવે તો આપના શાળા મંડળની સૂચિત માધ્યમિક શાળાની નોંધણી કરવા લેવાયેલ નિર્ણય આપોઆપ રદ થયેલ ગણાશે જેની ખાસ નોંધ લેશો.

૧. નોટરી પાસે નોંધાયેલ ડીડ ઓફ ડેકલેરેશન યાને એકરારનામુ અને તેની સાથેના તમામ જોડાણો.
૨. શાળા મંડળ અને જિ. શિ. અ.શ્રી ના સંયુકત ખાતામાં રૂપિયા એક લાખ/ બે લાખ જમાં કરાવ્યાના આધારો.
૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે આપની શાળાનાં નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોનું સ્ટાફ પ્રોફાઈલ મંજુર કરાવી બોર્ડને રજૂ કરવાનું રહેશે.
૪. શાળા રજિસ્ટ્રેશનનું બોર્ડનું નિયત ફોર્મ ભરી જિ.શિ.અ.શ્રી પાસે મંજુર કરાવી બોર્ડને રજુ કરવાનું રહેશે.
૫. શાળામાં ફાયર સેફટીની પૂરતી જોગવાઈ કરી, તેના આધારો જિ.શિ.અ.શ્રીની કચેરીમાં રજૂ કર્યા બાદ જ શાળા શરૂ કરી શકાશે.

ઉપરોકત પૂર્તતા નિયત સમય મર્યાદામાં બોર્ડની કચેરીએ રજુ કર્યા બાદ શાળાની નોંધણી કરવામાં આવશે. શાળાને નોધણી પત્ર મળ્યા બાદ જ આપની સૂચિત નવી માધ્યમિક શાળા શરૂ કરી શકશો.

(વી.બી.નાણાવટી)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>બિડાણ</u> :– ડીડ ઓફ ડેકલેરેશન યાને એકરારનામું અને તેની સાથે તમામ જોડાણો માટેના પત્રકો.

<u>નકલ રવાના</u> :–
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, **ભાવનગર** તરફ જાણ તથા ઉકત સમય મર્યાદામાં શાળા મંડળ ઉપર દર્શાવેલ આધારોની પૂર્તતા આપની કચેરીમાં રજૂ કરે તો નિયત જગ્યાએ આપની સહી / સિકકો કરી શાળા મંડળને રૂબરૂમાં આપવા જેથી શાળા મંડળ આ કચેરીને રૂબરૂ પૂર્તતા કરી શકે, અને આ બોર્ડની નોંધણી સિવાય નવી અમાન્ય શાળા શરૂ કરે નહી તે જોવાની જવાબદારી આપની રહેશે.